# લુણાવાડા ની અવનવી વાતો

લુણાવાડા જિલ્લો મહીસાગર ગુજરાત.

**લુણાવાડા ઈસ્વીસન ૧૪૩૪ માં પાટણના સોલંકી રાજવીઓના વંશજો દ્વારા સ્થાપિત રાજ્ય હતું, જેનું આપણા ભારત દેશમાં વિલીનીકરણ ૧૯૪૭ માં થયું હતું, લુણાવાડાની જાણીતી વાતો આપની સાથે શેર કરું છું.**

(૧) લુણાવાડા ગામમાં દરવાજાના નામ દરકોલી દરવાજો, શહેરા દરવાજો અને મધવાસ દરવાજો (કે જે હાલમાં નથી) એક કિશન સાગર તરફ જતા રસ્તા ઉપર દરવાજો હતો જે નાશ પામ્યો છે. મહેલ તરફથી મધવાસ દરવાજા તરફ જતાં માંડવી બઝારમાં એક દરવાજો છે. જેનું નામ લોક જીભે માંડવી દરવાજો પડી ગયું હતું. તે રસ્તો ગામના મુસ્લિમ વિસ્તારમાં જતાં ખાસ બજાર તરીકે ઓળખાયો. ખાસ બઝારમાં એક મોટા ભજીયાની દુકાન હતી, તેના ગોટા (રાણાના-ગોપાલ રાણાના ગોટા) અને ગામની બહાર બાગ પાસેનું બાવાનું સેવ ઉસળ તથા ફનાના ગોટા વર્ષો સુધી આખા ગામમાં પ્રિય રહ્યો. જ્યારે નગર પંચાયતની બાજુમાં મજીદના પાન અને દરકોલી દરવાજા બહારની સમીરા સોડા-લેમન જીંજર પાછળ ગામ આફરીન હતું.

લુણાવાડા થી ૯ કી.મી. દુર મધવાસ ગામના પાદરમાં આવેલ મધવેશ્વર મહાદેવના મંદિરમાં ૧૫૮૬ ના ઈસવીસન નો શિલાલેખ છે. જે લુણાવાડાના રાજા કુંભાજી દ્વારા તે મંદિર બનાવાયું છે. મધવાસમાં પણ મહાલક્ષ્મી મંદિર અને રણછોડજીનું મંદિર સાથે પુરાતન મહાદેવ અને મહીસાગર નદીનો બારમાસી પાણી વાળો તટ અદ્ભુત દ્રશ્ય ખડું કરે છે.

(૨) ખરેખર તો લુણાવાડાની ત્રણ બાજુ નદીઓ છે અને ચોથી બાજુ ડુંગર કહી શકાય. મહી, પાનમ ઉપરાંત નાનકડી વેરી નદી પણ લુણાવાડા ફરતે બે બાજુ આંટો મારે છે જેના કાંઠે હનુમાન મંદિર હોવાથી હનુમાનની વેરી તરીકે ઓળખાય છે. લુણાવાડામાં અવધૂત સેવા ભીમાનંદજી ના મહારાજ હાટાના કુવા પાસે જેમનું સ્થાનક હતું અલગીરી અને નિજાનંદમાં રમખાવા એવા ભીમાનંદજીના અનેક ભક્તો હતા, જેમાં કહેવાય છે કે વરલી મટકાના નંબર જાણવાની લાલચવાળા પણ હતા સમય જતાં ભીમાનંદજીના સ્થળનું હનુમાનની વેરી સાથે સ્થળાંતર થયું. ત્યાં પણ લોકોની ભીડ જામતી હતી.

લુણાવાડાનું લાલ લસણ અને કાચી કેરીનાં આંબોલિયા આજે પ્રખ્યાન છે. પીપરિમુલ ગંઠોડા અહીંનું ઉત્પાદન નથી, છતાં અહીંથી લોકોને તે બે વસ્તુ બહારગામનાં લોકો પણ મંગાવે છે. મકાઈ ડોટા અને મકાઈનું છીણ/છૂંદો એ ગામ અને તાલુકાની ફેવરીટ ડિશ છે.

લુણાવાડાથી ગોધરાના રસ્તે પાનમના પુલ પછીના વિસ્તારમાં મકાઈ ડોટાનું બારમાસી બજાર વિકસી ગયું છે. મકાઈના છીણ/છૂંદો વિષય ઉપર શ્રી મુકેશ સોનમજી એ "શીંગનલી ચોકડી" નામની સંવેદના સભર વાર્તા લખી છે. જે વાંચવાની ભલામણ છે. આજે એ વાર્તા મેં ફરી વાર શેર કરી છે.

(૩) સોલંકી રાજવીઓની જૂની રાજધાની વીરપુર વીરપુરમાં હતી. જે ખસેડીને મહી નદી કાંઠેડીયા પટ્ટનમાં થોડો સમય રહી હતી ત્યાંથી પુર વગેરે કારણ થી ફરી રાજધાની બદલીને સ્થળ શોધતા લુણાવાડા ફાઈનલ થયું.

લુણાવાડામાં ચાર વાવ હતી, જેમાં હાલમાં બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ શોપિંગ સેન્ટર વાવની ઉપર બનાવેલ છે. જુના લોકોના કહેવા મુજબ આ વાવમાં નીચે અદ્ભુત રચનાઓ અને રૂમ વગેરે હતાં. એ જમાનામાં અજાયબી જેવી લાગતી આ વાવ ભૂગર્ભમાં જતી રહેતા હવે ફક્ત યાદો રહી છે.

માંડવી બઝારની વાવ પણ પુરી દેવાઈ છે. જ્યારે લુણેશ્વર મહાદેવની બાજુમાંની વાવનો કુવો રહ્યો છે. બાકીના ભાગ ઉપર દુકાનો બની છે. હાલ ફક્ત એક વાવ ઘાટીની આગળ વાંશીયા તળાવના કિનારા પર જીરણ હાલતમાં છે.

લુણાવાડાની સંસ્કૃત પાઠશાળા કે જે લુણેશ્વર મહાદેવ પાસે છે, તેમાં બહારથી વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા. વળી શહેરા દરવાજા પાસેની લાલસિંહજીની લાઈબ્રેરી પણ એક જમાનામાં ગુજરાતની સારી લાઈબ્રેરીમાંની એક હતી, જેનું જતન નટુભાઈ નામના લાઈબ્રેરીઅન સજ્જને સરસ રીતે વર્ષો સુધી કર્યુ હતું હાલમાં તેમના સુપુત્ર ને જવાબદારી સંભાળે છે. જેના રાજમહેલ પાસેના ડુંગરનં નામ કાળકામાતાનું મંદિર છે. એક જમાનામાં ત્યાં દર્શન કરવા જવું અઘરું હતું હવે વાહન લઈને જઈ શકાય છે.

વોહરવાડમાં દેવલ માતાનું મંદિર છે, જેમાં રાવલ જ્ઞાતિના લોકોમાંથી દર વર્ષે એક વ્યક્તિ નાના ટાવર ઉપર નવરાત્રીના નવ દિવસ માતાજીની આરાધના નકોરડા રહી (ખાધા પીધા વગર) કરતાં અને દશેરાને દિવસે લુણાવાડાના રાજવી તેમને પારણાં કરાવતાં દશેરાનું સરઘસ ગામના બહાર બાવાના અખાડા અને હાલની પોલીસ લાઈન પાસે આવેલ સમડીના વૃક્ષ સુધી વાજતે ગાજતે જતું વળી નાગરવાડામાં હાટકેશ્વર મંદિર પાસે ગરબા થતાં જેમાં સામેલ થવા બહારગામ તથા મુંબઈ સુધીના નાગર સદગૃહસ્થ આવતા હતા.

ગુજરાતી પુસ્તક “કરણઘેલો” કે જે ૧૮૬૬ માં લખાયું હતું તેના લેખક શ્રી નંદશંકર તુલજાશંકર મહેતા લુણાવાડા રજવાડામાં અધિકારી તરીકે કામ કરતાં હતાં.

લુણાવાડામાં એક મિઠાઈ મળે છે. જેનું નામ “ખુરમી” છે, આ ખુરમી લુણાવાડાના સૌથી જુની મીઠાઈની દુકાન રાજકોટવાળા ની શાન હતી. આજે બીજી મીઠાઈઓ આવતા ખુરમી વિસરવા માંડી છે. છતાં હાલમાં પણ મળે છે.

(૪) **કન્યા શિક્ષણ - શિક્ષણ પ્રણાલી લુણાવાડા રાજ્ય**

લુણાવાડા રાજ્ય સોલંકી રાજાઓ દ્વારા શાસિત રાજ્ય હતું. લુણાવાડા રાજ્યના સોલંકી રાજવીઓ પોતાના રાજ્યના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે જાગૃત હતા. વિદ્યાર્થીઓની શિક્ષણ માટે ડો. પોલન સ્કુલ બનાવી હતી જ્યારે વિદ્યાર્થીનીઓ માટે “લેડી રેગ્લર્સ સ્કુલ” બનાવી હતી. હાઈસ્કુલનાં શિક્ષણ માટે સજ્જનકુમાર બા હાઈસ્કુલ હતી બહારના ઈતરપ્રવૃત્તિ તેમજ જ્ઞાન માટે પુસ્તક લાઈબ્રેરી “લાલસિંહજી લાયબ્રેરી” બનાવી હતી જ્યાં બાળકો, સ્ત્રીઓ અને સામાન્ય માણસો પણ વાંચવા જઈ શકતાં હતાં.

સંસ્કૃત ના શિક્ષણ માટે સંસ્કૃત પાઠશાળા બનાવી હતી, અહીયાં ભણવા આવનાર છાત્રાઓને અને ગુરુજીની વિદ્વાનતાના ને લીધે લુણાવાડાને **કાશી** કહેવાતું હતું, સંસ્કૃતના વિદ્વાન મકસમુબર (જર્મની) ને અહીયાની સંસ્કૃતના શિક્ષણના અરાહના કરી હતી.

લુણાવાડા રાજાએ ૧૮૬૮ માં ગુજરાતી ભાષાની પહેલી નવલકથા કરણઘેલો લખનાર લુણાવાડાના શ્રી નંદશંકર તુલજાશંકર મહેતાને પોતાના દિવાન બનાવ્યાં હતાં. કહેવાય છે “કરણઘેલા” લુણાવાડામાં લખાયેલી હતી તેમણે લુણાવાડા ના વાંશિયા તળાવ પાસે નંદકેશ્વર મહાદેવ બનાવ્યું હતું જે આજે પણ છે.

આપણો દેશ આઝાદ થયો ત્યાર પછી અહીં કોલેજ બની હતી. આજે લુણાવાડાના વિદ્યાર્થીઓએ પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષક તરીકેનો વ્યવસાય અપનાવ્યો છે. જે ગુજરાતનાં દરેક ખુણામાં લુણાવાડાનો શિક્ષક મળશે. જે લુણાવાડા કે આજુબાજુના ગામના હશે.

(૫) લુણાવાડાના એક દિવાન નડિયાદના નવ સાથીરોમાના એક દોલતરામ કૃપારામ પંડ્યા એ “ઈન્દ્રજીતવધ” મહાકાવ્ય રચેલું.

(૬) **એકલિંગ નો વરઘોડો**

એકલિંગનો વરઘોડો ફાગણ વદ ચૌદસના દિવસે જ્યાં જ્યાં એકલિંગનું મંદિર હોય ત્યાં નીકળે છે.

એકલિંગજીનો વરઘોડો એક લુણાવાડાની શાન છે. છેલ્લા ૧૨૫ વર્ષોથી લુણાવાડામાં એકલિંગજીનો વરઘોડો નીકળે છે અને તેનો લાભ લેવા મુંબઈ, અમદાવાદ, વડોદરા તેમજ આજુબાજુના ગામોવાળા પણ આવે છે.

લુણાવાડામાં એકલિંગજીના વરઘોડાના યજમાનનું બુકીંગ ચાલે છે અને ઘાંટી ખાતે અત્યારે સાલ ૨૦૨૩ સુધીનું બુકીંગ થઈ ગયેલ છે.

લુણાવાડા એકલિંગજીના વરઘોડાના આગલે દિવસે ઘાંટીમાં સુંદરકાંડનું આયોજન કરવામાં આવે છે. અને બીજે દિવસે સ્વયંભુ મંદિરમાં ભગવાન એકલિંગજીની પુજા કરવામાં આવે છે. બપોરે ૩-૦૦ વાગ્યા પછી સ્વયંભુ મંદિરથી વરઘોડો નીકળે છે. જે પરામાં આવેલ સમાજની ૬૦ ઘરની વાડી પાસે આવે અને ૬૦ ઘરની વાડીના યજમાન તેનું સ્વાગત કરે પછી તે મોટા ગણપતિ મંદિર જાય જ્યાં આરતી કરવામાં આવે છે. એ પછી નાગરવાડા, હાડકેશ્વર મહાદેવ તેમજ કડિયાવાડ હનુમાન મંદિર ફરી નિજ મંદિર સ્વયંભુ મંદિર ઘાંટી પરત ફરે છે.

૬૦ ઘર વાડી તેમજ ઘાંટીમાં રાત્રે પ્રસાદ રૂપી ભોજન આપવામાં આવે છે.